# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
પો.બો.નં.૨૧,યુનિવર્સિટી રોડ,પાટણ– ૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

E_mail : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


**પરીપત્ર નં : ૧૨૦ /૨૦૨૫**

**વિષય :– R.T.I. માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ ઉત્તરવહી અવલોકનની કામગીરી અંગેની બાબત...**

**સંદર્ભ :– તા.૦૪/૦૬/૨૦૨૫ની BOMનો ઠરાવ નં : ૯.૩૭૨**

R.T.I. માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ જુદી જુદી ફેકલ્ટીઓની પરીક્ષાની ઉત્તરવહી અવલોકનની અરજીઓ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે સદર અરજીઓ અન્વયે પ્રકીયા કરી તજજ્ઞ સામે રજૂ કરી તજજ્ઞશ્રી ભલામણ કરે તો સંબધિત ઉત્તરવહીનું પુન : મૂલ્યાંકન કરવામાં આવતું. સદર પ્રકિયા માટે વિદ્યાર્થીને પ્રશ્નપત્ર દિઠ રૂા. ૨૦૦૦/– ફી ભરવાની થતી હતી તથા સમગ્ર પ્રકીયા પણ ઘણી જટીલ હતી જે અંગે બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં ચર્ચા વિચારણા કરવા રજૂ કરવામાં આવેલ.

તારીખ : ૦૪/૦૬/૨૦૨૫ના રોજ મળેલ બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠકમાં સઘન ચર્ચાને અંતે સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

(૧) માહિતી અધિકાર અધિનિયમન –૨૦૦૫ હેઠળ ઉત્તરવહી અવલોકન કરવા અંગે પ્રકીયા રદ કરવામાં આવે છે.

(૨) માહિતી અધિનિયમ –૨૦૦૫ હેઠળની વિદ્યાથીઓને પોતાની ઉત્તરવહી નકલની આવશ્યકતા હોય તો તેવા સંજોગોમાં પરીણામ જાહેર થયાના ૩૦ દિવસમાં R.T.I. અરજી દ્વારા ઉત્તરવહીની નકલ મેળવી શકશે.

(૩) વિદ્યાર્થીઓના હિત ખાતર યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓમાં પરીક્ષાર્થીઓ વધુમાં વધુ બે ( ૨ ) વિષય/પેપર માટે પુન : મૂલ્યાંકન કરાવી શકશે.

નોંધ : સદર પરીપત્ર આજ રોજ એટલે કે, તા.૧૨/૦૬/૨૦૨૫ પછી જાહેર થયેલ પરીક્ષાના પરીણામોમાં અમલ કરવાનું રહેશે.

(અમિતુલ એમ. દેલીયા )
પરીક્ષા નિયામક

નં.પરી/સેલ/ 1616 /૨૦૨૫
તારીખ : ૧૨/૦૬/૨૦૨૫

નકલ રવાના :

( ૧ ) આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રી/સંસ્થાના વડાશ્રીઓ તરફ જાણ સારૂ
( ૨ ) આ યુનિવર્સિટીના તમામ શાખા અધ્યક્ષશ્રીઓ તરફ જાણ સારૂ
( ૩ ) નાયબ કુલસચિવશ્રી એકેડમીક શાખા / હેડ કલાર્કશ્રી એકેડમીકશાખા /પરીક્ષા વિભાગ તરફ જાણ સારૂ
( ૪ ) કચેરી અધ્યક્ષશ્રી (પરીક્ષા ) તરફ જાણ સારૂ
( ૫ ) સિસ્ટમ એનાલીસ્ટશ્રી, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી,પાટણ તરફ જાણ સારૂ
( ૬ ) ઈન્ફિનીટી એજન્સી, રાજકોટ તરફ જાણ સારૂ.